# Lions International

District 3232-B1 | 2026-2027

3rd Floor, Lions Hub, Parshva Eminent, Nr. Gujarat College, Ellise Bridge, Ahmedabad 380006

**Call :** 98257 80831 • **Web :** www.lions3232b1.org • **Email :** liongirvanmehta3232b1@gmail.com

મે 2026

પરિપત્ર : 01

Lions સંવાદ


## Lions – સદા સહાયતે

પ્રિય લાયન મિત્રો,

મે-2026 ના પ્રથમ ડિસ્ટ્રિક્ટ સર્ક્યુલર દ્વારા આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ. લાયન વર્ષની શરૂઆત સેવા, સમર્પણ અને એકતાના મૂલ્યો સાથે આગળ વધવાનો સંકલ્પ લઈએ. ગુજરાત લાયન્સના ગૌરવપૂર્ણ 70 વર્ષના ઉજવણી વર્ષમાં પ્રવેશતા આપણે વધુ ઉત્સાહ અને ગર્વ અનુભવીએ છીએ.

માનનીય ડિસ્ટ્રિક્ટ ગવર્નરશ્રીના **Lions-સદા સહાયતે** ના સૂત્ર અને માર્ગદર્શન હેઠળ **"Together WeCanDoMore"**ના સૂત્ર Unity is Strength - Many Hands, One Missionને સાકાર બનાવતા દરેક ક્લબને વધુ અસરકારક સેવાકાર્યો તરફ પ્રેરિત કરી સમાજના અંતિમ વ્યક્તિ સુધી સેવા પહોંચાડવી એ આપણી પ્રાથમિકતા છે. ચાલો, સહયોગ, સંકલ્પ અને નિષ્ઠા સાથે ડિસ્ટ્રિક્ટને નવી ઊંચાઈએ લઈ જઈએ અને લાયન્સની સેવા યાત્રાને વધુ મજબૂત બનાવીએ..

- **કૌશિક મહેતા** - સંપાદક




**Girvan Mehta**
District Governor
98257 80831

**Pankaj Shah**
Cabinet Secretary

**Dhirendra Patel**
Dy.Cabinet Secretary

**Hetal Soni**
Jt.Cabinet Secretary

Editor
**Kaushik Mehta**
DC Communication & Publication
99788 15969

Design
**Maulik Manilal Rajput**
9428612562


પ્રિય લાયન મિત્રો,

લાયન્સ વર્ષ 2026–27 શરૂ થવા હવે માત્ર બે મહિના બાકી છે. આ સમય સ્પષ્ટતા, તૈયારી અને નિર્ધારિત કાર્યના આયોજન માટેનો છે. માનનીય **ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી પ્રકાશ અગ્રવાલ** ના નેતૃત્વ હેઠળ વર્તમાન વર્ષ મજબૂત રીતે આગળ વધી રહ્યું છે. હવે આપણી ફરજ છે, બાકી રહેલા દરેક લક્ષ્યને પૂર્ણ કરી, આ વર્ષને ગૌરવપૂર્ણ રીતે પૂર્ણ કરવું.

આગામી વર્ષ માટે દરેક ક્લબમાં પ્રમુખશ્રી અને તેમનાં બોર્ડની સમયસર રચના થવી. મજબૂત આયોજન અને સ્પષ્ટ દિશા વિના સફળતા શક્ય નથી.

**પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી દક્ષેશ સોની**ના માર્ગદર્શન હેઠળ યોજાનાર Lions, Leo Clubs & Cabinet Officer Schooling તા. 31 મે અને 14 જૂન, LML સ્કૂલ, ઓગનજ અમદાવાદ ખાતે નિર્ધારિત છે, જેનો થીમ છે, "A New Look at Lions" આ માત્ર તાલીમ નથી, આ આવનાર નેતૃત્વ ઘડવાની ગહન પ્રક્રિયા છે.

તા. 19 એપ્રિલ અને અક્ષય તૃતીયાના દિવસે, આપણાં સૌના માર્ગદર્શક અને **PID શ્રી પ્રવિણભાઇ છાજેડ**ની ગરિમામયી ઉપસ્થિતીમાં - ઉત્તમોત્તમ કેબિનેટ અધિકારીઓની નિમણુંક થઇ છે અને સૌનો ઉત્સાહ આસમાને છે. આવનારું વર્ષ યુવા શક્તિ પર આધારિત રહેશે. હવે સમય છે, ઝડપ, નવી વિચારસરણી અને દૃઢ અમલીકરણ દ્વારા સેવાકીય કાર્યને નવી ઊંચાઈએ લઈ જવાનો. આ બે મહિના રાહ જોવાનો સમય નથી, કાર્ય કરવાનો સમય છે. મજબૂત પાયો બાંધવાનો સમય છે. ટીમ તૈયાર કરવાનો સમય છે. અને આવનારું વર્ષ સ્વપ્ન નિર્ધારિત કરવાનો સમય છે. ચાલો, નિશ્ચય અને એકતા સાથે આગળ વધીએ.

અભિવાદન સહ,

**લાયન ગીર્વાણ મહેતા**

ડિસ્ટ્રીક્ટ ગવર્નર (E)

## કેબિનેટ સેક્રેટરીની કલમે...

નમસ્તે લાયન મિત્રો,

લાયન્સ ઇન્ટરનેશનલના આ વર્ષે આપણે ગુજરાતમાં લાયન્સ પ્રવૃત્તિના **૭૦ વર્ષ (Diamond Jubilee)** ની ભવ્ય ઉજવણી કરવા જઈ રહ્યા છીએ. સાત દાયકાની આ અતૂટ સેવાયાત્રામાં સહભાગી થવું એ આપણા સૌ માટે ગૌરવની વાત છે. આ વર્ષે આપણા લોકપ્રિય ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન ગીર્વાણ મહેતા એ આપણને એક ખૂબ જ પ્રેરણાદાયી સૂત્ર (Slogan) આપ્યું છે: **Lions સદા સહાયતે** અને **Together WeCanDoMore**' એકતા, સહકાર અને સેવા ભાવનાનું પ્રતિબિંબ છે.

આ સૂત્રને સાર્થક કરવા માટે આપણે આ વર્ષે નીચે મુજબના લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરીશું:

**સેવાનું વિસ્તરણ:** ૭૦ વર્ષની ઉજવણી નિમિત્તે, આપણે ઉત્તમ સેવા કાર્યો કરીએ.

**સહયોગ અને ટીમ વર્ક :** ડિસ્ટ્રિક્ટ ગવર્નરશ્રી ગીર્વાણ મહેતાના નેતૃત્વમાં આપણે સૌ સાથે મળીને **"Together WeCanDoMore"** ના મંત્રને જીવંત કરીએ અને ગુજરાત લાયન્સના ૭૦ વર્ષને યાદગાર બનાવીએ અને એક ટીમ તરીકે કામ કરી આપણી શક્તિ અને સેવાનો વ્યાપ અનેકગણો વધારીએ.

**મેમ્બરશીપ અને ગ્રોથ:** આપણા સેવાકીય વારસાને આગળ ધપાવવા માટે નવા ઉત્સાહી સભ્યોને જોડવા અને જૂના સભ્યોના અનુભવનો લાભ લેવો.

**ડિજિટલ કનેક્ટિવિટી:** લાયન્સ ઇન્ટરનેશનલના નવા ડિજિટલ પ્લેટફોર્મનો મહત્તમ ઉપયોગ કરી, રિપોર્ટિંગ અને વહીવટને વધુ પારદર્શક બનાવવો.

PDG Daxesh Soniના નેતૃત્તવમાં A New Look at Lions કાર્યક્રમ અંતર્ગત લાયન્સ, લિઓ ક્લબ અને કેબિનેટ ઓફિસર માટે સ્કૂલિંગનું આયોજન તા. 31-05-2026 અને તા. 14-06-2026ના રોજ LML School, Ognaj, Ahmedabad ખાતે કરવામાં આવ્યું છે. સર્વેને વિનંતી છે કે આ ઉપયોગી અને માર્ગદર્શક વિનંતી છે કે આ ઉપયોગી અને માર્ગદર્શક સ્કૂલિંગમાં હાજરી આપી તેનો લાભ લો. જયહિંદ, જય લાયનવાદ, સેવા પરમો ધર્મ.

**લાયન પંકજ શાહ**
કેબિનેટ સેક્રેટરી (D)

LIONS INTERNATIONAL
ડિસ્ટ્રિક્ટ ગવર્નરશ્રીનો
મન કી બાત
સાંભળશું • સમજીશું • સાથે આગળ વધશું
દર મહિનાની 30 તારીખે,
રાત્રે ૮:૩૦ કલાકે

## ગવર્નરશ્રીનો 'મન કી બાત કાર્યક્રમ'

એપ્રિલ માસના પ્રથમ 'મન કી બાત' કાર્યક્રમમા ઘણા લાયન મિત્રો તેમજ માનનીય પૂર્વ ગવર્નર **શ્રી મુકેશભાઈ પટેલ**, **શ્રી મિલનભાઈ દલાલ** અને **શ્રી સૌરભભાઈ બ્રહ્મભટ્ટ** ઉપસ્થિતિ રહ્યા હતા. હાલમાં બે મુખ્ય પ્રાથમિકતાઓ છે.

૧) આ લાયન વર્ષના હજુ બે મહિના બાકી છે. તમામ ક્લબોએ સભ્યવૃદ્ધિ માટે વિશેષ પ્રયત્નો હાથ ધરવા વિનંતી છે.

૨) ઘણી ક્લબોમાં હજુ આગામી લાયન વર્ષ માટે પ્રમુખશ્રી અને મંત્રીશ્રીની પસંદગી બાકી છે. કૃપા કરીને તેની વિગતો તાત્કાલિક મોકલવા વિનંતી, જેથી તેમને આગામી વર્ષની યોજનાઓ અને કાર્યક્રમોની સમયસર માહિતી આપી શકાય. આપ સૌના સતત સહકાર માટે ફરી એકવાર દિલથી આભાર વ્યક્ત કરું છું. દર માસની 30 તારીખે **મન કી બાત** કાર્યક્રમ રાત્રે 8:30 વાગ્યે યોજવામાં આવશે. જયહિંદ, જય લાયનવાદ,

**લાયન ગીર્વાણ મહેતા,**
ડિસ્ટ્રીક્ટ ગવર્નર ઇલેક્ટ

## કેબિનેટ ટ્રેઝરરની કલમે...

પ્રિય લાયન મિત્રો,

આપને જણાવતાં આનંદ થાય છે કે, 2 જુલાઈ, 2025 નો ડોલર રેટ ₹85.46 નક્કી કરવામાં આવ્યો છે, જે 30 જૂન 2026 સુધી અમલમાં રહેશે.

આપ સૌને વિનંતી છે કે આપના ક્લબમાં વર્ષ 2026–27 ની ફી આગામી બે મહિનામાં ઉઘરાવી લો અને આવતા વર્ષના International Dues advanceમાં જમા કરાવી દો.

કારણ કે, અનુમાન મુજબ 1 જુલાઈ 2026 પછી ડોલરનો રેટ લગભગ ₹94 સુધી જઈ શકે છે, જેના કારણે:

- આપને Exchange Rate માં નોંધપાત્ર બચત થશે.
- ક્લબને નાણાકીય આયોજનમાં સરળતા મળશે.
- વર્ષના આરંભમાં કાર્ય કરવામાં સુગમતા અને ગતિ મળશે. આ ઉપરાંત, કેબિનેટના તમામ મિત્રોને પણ વિનંતી છે કે: ગવર્નરશ્રી દ્વારા જાહેર કરાયેલ contribution તાત્કાલિક District માં જમા કરાવો, જેથી વર્ષના આરંભમાં થતા વધારાના ખર્ચને પહોંચી વળી શકાય.

ચાલો, આપણે સૌ મળીને નાણાકીય શિસ્ત (Financial Discipline) ને અગ્રીમતા આપીને કાર્ય કરીએ અને એક મજબૂત અને સુવ્યવસ્થિત વર્ષ માટે તૈયાર થઈએ.

**કેતન પંચાલ**
કેબિનેટ ટ્રેઝરર (D)

## Mission Life Membership – A Lifetime Decision

There comes a time in Lionism when a single decision defines your long-term commitment and vision. Becoming a Life Member of is one such powerful step. With a one-time payment of $ 650, you free yourself from all future international dues for life. Who has completed 20 years in Lionism is eligible.

# CABINET ANNOUNCEMENT CEREMONY











લાયન્સ ડિસ્ટ્રિક્ટ 3232 B1 માટે વર્ષ ૨૦૨૬–૨૭ની નવી કેબિનેટની જાહેરાત ગૌરવભેર યોજાઇ, જેમાં ડિસ્ટ્રિક્ટ ગવર્નર ઇલેક્ટ શ્રી ગીર્વાણ મહેતા દ્વારા નવ નિયુક્ત કેબિનેટ અધિકારીઓને નિમણૂક પત્રો અર્પણ કરવામાં આવ્યા. આ ગૌરવપૂર્ણ પ્રસંગે પાસ્ટ ઇન્ટરનેશનલ ડિરેક્ટર **શ્રી પ્રવીણભાઇ છાજેડ**ની વિશેષ ઉપસ્થિતિએ કાર્યક્રમને વધુ ગૌરવ આપ્યું. તેમણે ડિસ્ટ્રિક્ટ ગવર્નર ઇલેક્ટ, વાઇસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર ઇલેક્ટ તેમજ નવી કેબિનેટ ટીમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી અને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું. તેમજ 14 પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નરશ્રીઓની ખાસ ઉપસ્થિત રહી, નવી કેબિનેટના સભ્યોને આશીર્વચન પાઠવ્યા હતા.

તારીખ: 19 એપ્રિલ 2026 • સ્થળ: હોટેલ લેન્ડમાર્ક પ્લેટિનમ, અમદાવાદ

## 1 st May

ગુજરાત સ્થાપના દિવસની સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ! આ માસમાં જેનાં જન્મ દિવસ અને લગ્ન દિવસ આવતાં હોય તે સૌને ને ખૂબ ખૂબ અભિનંદન!

## થોડીક કડવી વાત

મિશન 1.5નું આવનાર વર્ષ એ છેલ્લું વર્ષ છે અને આપણે નવા સદસ્ય અને નવી કલબો માટે ખૂબ જ પાછળ છીએ. આવનાર વર્ષ 14 મહિનાનું વર્ષ છે એમ સમજી, અત્યારથી જ તે વિષયમાં આપણે સજાગ થઈએ અને આપણી કલબો સમૃદ્ધ કરવા માટે પ્રયત્નશીલ થઈએ!!

## 9th Annual Multiple District Convention

**Lions Clubs International, MD 3232 : 9th Annual Multiple District Convention**

**8th to 10th May, 2026 at Mount Abu, Rajasthan**

**: Program :**

**Day-1, 8th May, 2026**
Registration, Boating & Refreshment

**Day-2, 9th May, 2026**
Individual Awards Interview, Registration & Credential, Banner Presentation, Business Session-2, Inaugural Session, Khushbu Pahadoki-Entertainment Program.
at Hotel Bikaner Palace.

**Day-3, 10th May, 2026**
Necrology, Business Session-2, Plenary Session, Presentation of Award & Concluding Session.
at Brahma Kumaris.

# Save The Date

**31 May & 14 June 2026**
**9:00 AM - 4:00 PM**
Lions and Leo Club & Cabinet Officers Schooling
**Schooling Chairman PDG Daxesh Soni**
**"A New Look at Lions"**
LML School, Ognaj, Ahmedabad

**9 July | 5:00 PM**
**Pad Yatra**
From Lions Hall to Lions HUB

**26 July | 9:00 AM to 2:00 PM**
**District Cabinet Installation**
NIRMA University, Ahmedabad

**19 July | 9:30 AM - 12:30 PM**
**1st Cabinet Meeting**

**2 August | 3:00 PM**
**President Banquet**

**15 August | 9:00 AM**
**Independence Day Celebration**
Lions Hall, Mithkhali, Ahmedabad

**16 August**
**Mega Fund Raising Program**

**30 August 9:00 AM - 4:00 PM**
**GAT & Services Conclave**

## HONG KONG, 2026
**108th Lions International Convention**

265 $ International Convention Charge
1227 $ Tour Package + Flight Exp.

**108th Lions International Convention (LionsCon) will be held in Hong Kong, on July 3-7, 2026.**

**For further detail contact:**
**Girvan Mehta, District Governor M: 98257 80831 or**
**Kruti Trivedi, District Chairperson Convention M: 97279 99944**


**Exchange Rate Advantage LCI considers approx ₹85.46/USD**

## "KOHINOOR' 8th" Annual District Conference held at Patan on 15th March 2026
District Governor Prakash Agrawal • Host : Lions Club of Patan








## District Directory 2026–27

Grow your business while supporting a noble cause. Your advertisement not only promotes your brand but also contributes to meaningful service activities of Lions International. Financial support to District.

### ADVERTISEMENT OPTIONS Premium (Limited)

| | | | | | |
|---|---|---|---|---|---|
| Back Cover | 1,25,000 | Inside Back | 75,000 | Inner Page Full Page | 25,000 |
| Inside Front | 1,00,000 | Centre Spread | 50,000 | Half Page | 15,000 |